# પુરોવચન

પરમ પૂજ્ય શ્રી રમાનાથને શત્‌શત્ પ્રણામ!

પ્રથમ દૃષ્ટિએ ધર્મ અને અધ્યાત્મ, આ બંને પર્યાયવાચક શબ્દો હોય તેમ લાગે છે, પરંતુ વસ્તુતઃ તેમ નથી. એ સાચું છે કે અધ્યાત્મ ધર્મનું કેન્દ્ર છે, આમ છતાં આપણે ધર્મ અને અધ્યાત્મને પર્યાયવાચક ગણી શકીએ નહીં. ધર્મ સાધન છે અને અધ્યાત્મ સાધ્ય છે. ધર્મ શરીર છે અને અધ્યાત્મ આત્મા છે. ધર્મ બહિરંગી સ્વરૂપી છે. અધ્યાત્મ અંતરંગ છે. પ્રત્યેક ધર્મનાં ચાર અંગો હોય છે.

૧. કર્મકાંડ

૨. નીતિશાસ્ત્ર

૩. તત્ત્વજ્ઞાન

૪. અધ્યાત્મ

આમ, ધર્મ અને અધ્યાત્મ સર્વાંશે એકરૂપ નથી, તોપણ ધર્મ અને અધ્યાત્મ વચ્ચે અવિનાભાવ સંબંધ છે.

અમે જીવનભર ધર્મ અને અધ્યાત્મને સમજવાનો અને જીવવાનો યથાશક્તિ અને યથામતિ પ્રયત્ન કર્યો છે અને તેમાંથી કાંઈક કલમ દ્વારા અભિવ્યક્ત થાય છે. તેમાંથી થોડું અહીં આપની સમક્ષ પ્રસ્તુત છે, આ પુસ્તક સ્વરૂપે.

'ધર્મ-અધ્યાત્મ'

આ ગ્રંથમાં વિષયોનું વૈવિધ્ય ઘણું છે. ભિન્ન ભિન્ન સ્વરૂપનાં પ્રકરણો અહીં પ્રસ્તુત થયાં છે. આમ છતાં આ સર્વ પ્રકરણોમાં એક સમાન તત્ત્વ છે અને તે તત્ત્વ છે - ધર્મ-અધ્યાત્મ અને તદનુસાર આ ગ્રંથ છે - ધર્મ-અધ્યાત્મ.

માનવજીવનનું સ્વરૂપ જ એવું છે કે તેમાં કોઈ ને કોઈ સ્વરૂપે ધર્મ-અધ્યાત્મ હોય જ છે. માનવનું માનવીપણું ધર્મ થકી જ છે. ધર્મ નથી તો માનવતા ક્યાં છે?

आहार निद्रा भय मैथुनं  
समानमेतत् पशुभिः नराणाम् ।

धर्मो हि तेषामधिको विशेषः
धर्मेण हीनाः पशुभिः समाना ॥

'આહાર, નિદ્રા, ભય, મૈથુન - આ બધાં તત્ત્વો તો માનવ અને પશુઓમાં સમાન જ છે, પરંતુ માનવમાં ધર્મ અધિક અને વિશેષ છે. ધર્મ વિનાના માનવો તો પશુસમાન છે.'

આમ, માનવી ધર્મ થકી માનવ છે. ધર્મ અને અધ્યાત્મનો બાહ્ય દૃષ્ટિથી ઇન્કાર કરનાર નાસ્તિકજનોના જીવનમાં પણ કોઈક સ્વરૂપે ધર્મ હોય જ છે.

ભગવાન પણ ધર્મસંસ્થાપના માટે અવતાર ધારણ કરે છે.

यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
अभ्युत्थानम धर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
परित्राणाय साधुनां विनाशाय च दुष्कृताम् ।
धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

– *શ્રીમદ્ ભગવદ્ ગીતા, ૪_૭/૮*

'હે ભારત! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું પોતાના રૂપને સર્જું છું એટલે કે સાકાર રૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું.'

'સાધુ પુરુષોનો ઉદ્ધાર કરવા માટે, પાપ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક્ સ્થાપના કરવા માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું.'

આમ, ધર્મની સંસ્થાના એ પણ અવતારના પ્રાગટ્યનો એક હેતુ હોય છે. આ ઘટના દ્વારા શું સૂચિત થાય છે? આ ઘટના દ્વારા ધર્મની મહત્તા જ સૂચિત થાય છે. માનવજીવનમાં ધર્મનો આવો મહિમા છે અને પ્રભુ પણ ધર્મને આવો અને આટલો મહિમાવંત ગણે છે.

ધર્મ-અધ્યાત્મ વિશે સ્વાધ્યાય કરીએ, વાંચીએ-લખીએ તે બરાબર છે, પરંતુ સ્વરૂપતઃઅને મૂલતઃ ધર્મ-અધ્યાત્મ જીવનમાં જીવવા માટે છે. સાવધાન! સ્વાધ્યાયમાં ધર્મ-અધ્યાત્મની ઇતિશ્રી નથી. સ્વાધ્યાય તો પ્રથમ સોપાન છે. આ ગ્રંથના સ્વાધ્યાયથી કોઈ જિજ્ઞાસુજનોના અધ્યાત્મ સાધનમાં સહાયતા મળશે તો આપણા રામને આનંદ છે.

જે અમને મળ્યું છે, તે સૌને મળે, તેવી શુભ ભાવનાથી આ ગ્રંથ આપ સૌના કરકમલોમાં પ્રસ્તુત કરું છું.

આ ગ્રંથની રચના કરવામાં અમને અનેક મહાનુભાવો અને અનેક ગ્રંથો દ્વારા સહાય મળી છે. અમે સૌના ઋણનો સ્વીકાર કરીએ છીએ અને સૌને વંદન કરીએ છીએ.

સૌને વંદન!

સૌનો આભાર!


**– ભાણદેવ**

*સરસ્વતી નિકેતન આશ્રમ, પટેલ વિદ્યાલય પાસે,*
*જોધપર (નદી) વાયા - મોરબી - ૩૬૩૬૪૨*

# સમર્પણ એટલે શું?

तेरी इच्छा पूर्ण हो
मेरी इच्छा विलीन हो।

આ સમર્પણ છે.

શ્રી અરવિંદનું એક ખૂબ મૂલ્યવાન વિધાન છે.

'If The God wants me in hell why should i go to heaven?'

*'જો ભગવાન મને નર્કમાં રાખવા ઇચ્છે તો મારે સ્વર્ગમાં શા માટે જવું જોઈએ?'*

જો ભગવાન મને નર્કમાં રાખવાનું પસંદ કરે તો મારે સ્વર્ગમાં જવાની ઇચ્છા પણ શા માટે રાખવી જોઈએ? તેની ઇચ્છા પ્રમાણે જીવવામાં જ મારું પરમ કલ્યાણ છે.

• • •

ભગવાન સ્વામિનારાયણના પરમ ભક્ત દાદા ખાચરનાં બે બહેનો હતાં - જીવુબા અને લાડુબા. આ બંને બહેનો હરતાંફરતાં, હાલતાંચાલતાં વારંવાર બોલતાં -

"મહારાજ! તમને ગમતું થાજો."

જુઓ! શું કહે છે? તમને ગમતું થાજો અમને ગમતું નહીં!

અમારી ઇચ્છાઓ વિલીન થાઓ! તમારી ઇચ્છા પૂર્ણ થાઓ!

આ સમર્પણ છે.

• • •

મહારાજ ઉત્તાનપાદનો બાળપુત્ર ધ્રુવજી તપશ્ચર્યા કરવા માટે અરણ્યમાં જાય

છે. નારદજીના માર્ગદર્શન પ્રમાણે તપશ્ચર્યામાં તલ્લીન બની જાય છે. અને નારદજીએ આપેલા દ્વાદશ અક્ષરમંત્રનો અખંડ જપ કરે છે.

ધ્રુવજીની તપશ્ચર્યામાંથી ભગવાન પ્રસન્ન થાય છે અને ધ્રુવજીની સમક્ષ પ્રગટ થાય છે.

ભગવાન ધ્રુવજીને વરદાન માગવા કહે છે - ધ્રુવજી શું માગે છે? જુઓ! આ નાનો બાળક ધ્રુવ ભગવાનને હાથ જોડીને, મસ્તક નમાવીને કહે છેઃ

"ભગવાન! હું તો નાનો બાળક છું. મને માગતા ન આવડે. આપને જે યોગ્ય લાગે તે આપ મને આપો!"

ધ્રુવજીનાં આ વચન સાંભળીને ભગવાન કહે છેઃ

"બેટા! ધ્રુવ! તને જ માગતા આવડ્યું. મોટા ઋષિમુનિઓને જે માગતા ન આવડ્યું તે તને આવડ્યું છે."

અને પછી પ્રભુ ધ્રુવજીને શું આપે છે?

ધ્રુવને આપ્યાં અવિચળ રાજ

પોતાનો કરી આપ્યો રે...

આ છે સમર્પણ અને આ છે સમર્પણનું પરિણામ!

સમર્પણ એટલે શું?

હું સમર્પણ કરું છું, એ બોલવું તે તો સમર્પણનો પ્રારંભ છે. હું સમર્પિત છું, તેવો સંકલ્પ કરવો, તે પણ સમર્પણનો પ્રારંભ છે તો સમર્પણ શું છે?

- સમર્પણ એટલે પોતાની જાત સાંગોપાંગ અને સર્વથા ભગવાનને સોંપી દેવી.
- સમર્પણ એટલે પોતાની અંગત ઇચ્છાઓ, એષણાઓનો ત્યાગ કરવો.
- સમર્પણ એટલે પોતાનાં સર્વ આયોજનો, પોતાની સર્વ ધારણાઓ, પોતાની સર્વ રુચિ-અરુચિ ભગવાનનાં ચરણોમાં સોંપી દેવી.
- સમર્પણ એટલે પોતાની અંગત અહંકારી ચેતનાની ભાગવત ચેતનામાં વિલીન થવાની મહાન ઘટના.
- સમર્પણ એટલે પરમાત્માની ઇચ્છા પ્રમાણે જીવવાની કળા.

- સમર્પણ એટલે પરમાત્માની વિશુદ્ધ બનવું.
- સમર્પણ એટલે અંશ-જીવનું અંશી-પરમાત્મા સાથે તદાકાર થવું.
- સમર્પણ એટલે ચેતનાનું સમર્પણ.

સર્મપણમાં શું બને છે?

- સમર્પણમાં સાધકની ચેતનાનાં બધાં અંગો - શરીર, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર, અંતરાત્મા આદિ સર્વ અંગો પરમાત્માને સમગ્રતયા સમર્પિત થઈ જાય છે.
- સમર્પિત સાધકનાં વિચારો, વાણી, વ્યવહાર, વર્તન, સાધના અને સમગ્ર જીવનપદ્ધતિ ભગવતપ્રેરિત બની જાય છે.
- સમર્પણમાં સાધક એક શિશુ બનીને ભગવાનની ગોદનો આશ્રિત બને છે.
- સમર્પણમાં સાધક ભગવાનનું વિનમ્ર અને વિશુદ્ધકરણ બની જાય છે.
- સમર્પણમાં સાધક અહંકારની પકડમાંથી મુક્ત બનીને ભગવાનને આધીન બની જાય છે.
- સમર્પણમાં સાધક પ્રમાદી બનતો નથી; ભગવાન કરાવે તે બધું જ કરે છે.
- પૂર્ણ સમર્પણ દ્વારા જીવનમાં સંપૂર્ણ આધ્યાત્મિક ક્રાંતિ સિદ્ધ થાય છે.
- સમર્પણ સિદ્ધ થાય એટલે સાધકનું ભાગવત ચેતના સાથે પ્રગાઢ અને શાશ્વત તાદાત્મ્ય સિદ્ધ થાય છે.
- સમર્પણની પરિપૂર્ણતા દ્વારા સાધક અદ્વૈતસિદ્ધિ પામે છે.

સમર્પણનો આવો મહિમા છે.

તદનુસાર ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનજીને કહે છે-

सर्वगुह्यतमं भूयः श्रृणु मे परमं वचः ।
इष्टोऽसि मे दृढमिति ततो वक्ष्यामि ते हितम् ॥

मन्मना भव मदभक्तो मद्याजी मां नमस्कुरु ।
मामेवैष्यसि सत्यं ते प्रतिजाने प्रियोऽसि मे ॥

सर्वधर्मान्परित्यज्य मामेकं शरणं व्रज ।
अहं त्वा सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥

_ *શ્રીમદ્ ભગવદ્ ગીતા; ૧૮_૬૪/૬૫/૬૬*

*'સર્વ ગોપનીયથી પણ અતિ ગોપનીય મારા પરમ રહસ્યપૂર્ણ વચનને તું ફરીથી સાંભળ. તું મને અતિશય પ્રિય છે, માટે તને પરમ હિતકારી વચન કહું છું.'*

*'મારામાં મનવાળો બન. મારો ભક્ત બન; મારું પૂજન કર; મને પ્રણામ કર. આ રીતે તું મને જ પામીશ. આ હું તને પ્રતિજ્ઞાપૂર્વક સત્ય કહું છું. તું મને પ્રિય છે.'*

*'બધા ધર્મો છોડીને મારે એકને જ શરણે આવ. હું તને બધાં પાપોથી મુક્ત કરીશ. ચિંતા ન કર.'*

અહીં ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનજીને સમર્પણસંબંધી છ બાબતો કહે છે.

૧. આ જ્ઞાન અતિ ગોપનીય છે.

૨. તું મને અતિશય પ્રિય છે, માટે તને આ રહસ્યપૂર્ણ જ્ઞાન આપું છું.

૩. તું બધું જ છોડી સમગ્રતયા મને સમર્પિત થઈ જા.

૪. મને સમર્પિત થનાર મને જ પામે છે. આવી મારી પ્રતિજ્ઞા છે.

૫. બધા ધર્મો છોડીને મારે શરણે આવ.

૬. હું તને બધાં પાપોથી મુક્ત કરીશ.

આવું છે, સમર્પણ!

આવો છે, સમર્પણનો મહિમા!

તેથી જ ભગવાન સમર્પણને સર્વગુહ્યતમં જ્ઞાન કહે છે અને તેથી ભગવાન અર્જુનને નિમિત્ત બનાવીને આપણને સૌને સમર્પિત થવાનો આદેશ આપે છે !

ભગવાનના આદેશનો ઇન્કાર કરાય?

•